રજૂ તારીખ : ૧૮/૦૨/૨૦૨૬
દાખલ તારીખ : ૧૮/૦૨/૨૦૨૬
નિકાલ તારીખ : ૦૨/૦૫/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૨ ૧૪

**ભાવનગરના મે. ત્રીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં.**
ફોજદારી પરચુરણ અરજી નં.૩૨૩/૨૦૨૬

આંક : ૦૩

અરજદાર :– રોહિતભાઈ હરેશભાઈ બારૈયા,
કાચા કામના કેદી નં.૧૨/૨૦૨૬,
રહે. હાલ–જિલ્લા જેલ, ભાવનગર.

**– : વિરૂધ્ધ : –**

સામાવાળા :– શ્રી સરકાર

**બાબત:** બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે દિન–૨૧ ના મર્યાદિત સમયના જામીન મેળવવા અરજી.

અરજદાર તરફે : અરજદાર જાતે/જેલરશ્રી મારફત.
સામાવાળા તરફે : વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.

**:: ઠરાવ ::**

(૧) અરજદાર/આરોપીએ ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૨૦૮૭૬/૨૦૨૨, ઈ.પી.કો. કલમ–૩૦૨, ૩૨૩, ૩૨૪, ૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના નોંધાયેલ ગુનાના કામે તેઓ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, મર્યાદિત સમય દિન–૨૧ માટે જામીન પર મુકત થવા માટે હાલની અરજી અધિક્ષકશ્રી, ભાવનગર જિલ્લા જેલ મારફત બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તર્ફે જેલ મારફત મોકલવામાં આવેલ અરજીમાં મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, તેમના માતા–પિતા વયોવૃધ્ધ હોય અને તેના પિતા મજુરી કામ કરતા હોય અને માતા બિમાર રહેતા હોય ઘરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે અને તેમનો એક નાનો ભાઈ ધોરણ–૧૦ માં અભ્યાસ કરતો હોય,

પરિવારમાં સૌથી મોટા પુત્ર તરીકે તેમના પરિવારની તમામ આર્થીક તથા સામાજીક જવાબદારી અરજદાર/આરોપીના શિરે હોય, અરજદાર/આરોપી ચાર વર્ષથી ભાવનગર જિલ્લા જેલ ખાતે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, તેમના પરિવારની આર્થિક પરિસ્થિતી ખરાબ અને દયનીય થઈ ગયેલ હોય, તે સુધારવા અને તેના માતા–પિતાને મદદ કરવા અને તેમના નાના ભાઈનો અભ્યાસ ચાલુ રાખવા માટે નાંણાંકીય વ્યવસ્થા કરવા માટે દિન–૨૧ ના વચગાળાના જામીન આપવા વિનંતી કરેલ છે. તેમજ જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તમામ શરતોનું પાલન કરશે અને સારવારના કાગળો રજુ કરશે અને જાતે જેલ ખાતે સમયસર હાજર થઈ જશે તેવી ખાત્રી આપતા હોવાનું જણાવેલ છે.

(૩) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૨૦૮૭૬/૨૦૨૨, ઈ.પી.કો. કલમ–૩૦૨, ૩૨૩, ૩૨૪, ૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગંભીર ગુનાના આક્ષેપો છે અને કારણમાં જણાવેલ હકીકતો અંગે પોલીસ ઈન્સ્પેકટર ઘોઘારોડ પોલીસ સ્ટેશનનાઓનો આંક–૨ નો રીપોર્ટ ધ્યાને લઈ અરજદાર/આરોપીની મર્યાદિત સમય માટે જામીન મુકત કરવા માટેની અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૪) અરજી હકીકત, વિ.એ.પી.પી.શ્રીની રજુઆતો તથા આંક–૨ થી રજુ તપાસ કરનાર અધિકારીનો રીપોર્ટ ધ્યાને લીધો. આ કામે રેકર્ડ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી સામે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૨૦૮૭૬/૨૦૨૨, ઈ.પી.કો. કલમ–૩૦૨, ૩૨૩, ૩૨૪, ૧૨૦(બી) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. તેમજ હાલની અરજીમાં મુખ્યત્વે અરજદાર/આરોપી ધ્વારા તેમના માતા–પિતા વયોવૃધ્ધ હોય અને તેમના ભાઈ દસમા ધોરણમાં અભ્યાસ કરતા હોય, અરજદાર/આરોપી જેલમાં હોવાથી તેમના પરિવારની આર્થીક પરિસ્થિતી ખુબ જ દયનીય હોવાથી તેમના પરિવારની આર્થીક સ્થિતિ સુધારવા તથા તેના માતા–પિતાને મદદરુપ થવા તથા તેમના નાના ભાઈનો અભ્યાસ ચાલુ રહે તે માટે આર્થિક વ્યવસ્થા કરવા માટે દિન–૨૧ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા માટે અરજ

કરવામાં આવેલ છે. પરંતુ આ કામે તપાસ કરનાર અધિકારી ધ્વારા રજુ કરવામાં આવેલ આંક–૨ નો તપાસ અહેવાલ ધ્યાને લેવામાં આવે તો સદર અરજીના સંદર્ભમાં અરજદાર/આરોપીના પિતાનું નિવેદન લેવામાં આવેલ છે અને તપાસ અહેવાલમાં જણાવ્યા મુજબ અરજદાર/આરોપીના પિતા પ્લમ્બીંગ કામની મજુરી કરી અંદાજીત રૂા.૧૫,૦૦૦/– નું કામ કરતા હોવાનું અને અરજદાર/આરોપીનો નાનો ભાઈ ગયા વર્ષે દસમા ધોરણમાં નાપાસ થયેલ હોય હાલ કોઈ કામધંધો કરતો નહીં હોવાનું અને અરજદાર/આરોપીના માતા ઘરકામ તેમજ બંગલાના કામકાજ કરતા હોવાનું તથા તેને માનસિક બિમારી હોય ત્રણ –ચાર વર્ષ પહેલા તેની સારવાર ચાલુ હતી પરંતુ હાલ તેની કોઈ જગ્યાએ સારવાર ચાલુ નહીં હોવાનું જણાવેલ છે અને અરજદાર/આરોપીના માતા–પિતા બંન્ને કામકાજ કરી પોતાનાનું ગુજરાન ચલાવતા હોવાનું જણાવેલ છે. તે તમામ સંજોગોમાં, અરજદાર/આરોપી ધ્વારા હાલની અરજીમાં જણાવેલ કારણોસર હાલ અરજદાર/આરોપીને મર્યાદિત સમય દિન–૨૧ માટે જામીન મુકત કરવા માટે કોઈ અનિવાર્ય સંજોગો ઉભા થયેલ હોય, તેવું અરજદારપક્ષ રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ નિવડેલ છે. તે તમામ સંજોગોમાં, અરજદાર/ આરોપીને મર્યાદિત સમય માટે જામીન ઉપર મુકત કરવા માટે કોઈ અનિવાર્ય સંજોગો ઉભા થયેલ હોવાનું જણાઈ આવતુ ન હોય, અરજદાર/આરોપીની મર્યાદિત સમય દિન–૨૧ માટે જામીન મુકત કરવા માટેની અરજી મંજુર કરવાપાત્ર જણાતી ન હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**–: હુકમ :–**

(૧) આ કામના અરજદાર/આરોપીની દિન–૨૧ ના મર્યાદિત સમય માટે જામીન પર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) હુકમ અંગે સંબંધિત જેલના જેલરશ્રીને યાદી કરવી.

આજ રોજ તારીખ ૨'જી, માહે–મે, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર
તા.૦૨/૦૫/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
ત્રીજા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik